# શહેરમાં આજથી પર્યુષણ પર્વનો પ્રારંભ

**એક સપ્તાહ જૈન સમાજમાં ભાવભક્તિનો માહોલ : પ્રવચનો, પ્રતિક્રમણો અને રાત્રી ભાવનાઓ યોજાશે**

ગાંધીનગર, તા. ૨૮

પર્વાધિરાજ પર્યુષણનો આવતીકાલથી પ્રારંભ થઈ રહ્યો છે. જૈન સમાજમાં ભાવભક્તિનો માહોલ છવાયો છે. પર્વના અંતિમ દિવસે સંવત્સરીની ઉજવણી કરવામાં આવશે.

પર્વો-ઉત્સવોના માહોલમાં વધુ એક પર્વ પર્યુષણનો પ્રારંભ થઈ રહ્યો છે. પર્વાધિરાજ પર્યુષણના પ્રારંભ પ્રસંગે ગાંધીનગરના જૈન સમાજમાં

આનંદ-ઉલ્લાસ અને ભક્તિનો માહોલ છવાયો છે. દેરાસરોમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ છે. શહેરના વિવિધ વિસ્તારોમાં સ્થિત દેરાસરોમાં આગામી એક સપ્તાહ સુધી વિવિધ શણગાર કરવામાં આવશે. ભગવાનને વિવિધ આંગીઓથી સજાવવામાં આવશે. દરરોજ સવારે પ્રવચન યોજાશે. જ્યારે રાત્રે ભાવના યોજાશે. તપસ્વીઓ આઠ દિવસના ઉપવાસ અઠ્ઠાઈ કરશે. એક અંદાજ મુજબ શહેરમાં ૫૦થી વધુ શ્રાવકો અઠ્ઠાઈના ઉપવાસ કરશે. જ્યારે એક મહિલાએ માસક્ષમણના ઉપવાસ કર્યા છે. પર્યુષણ પર્વના અંતિમ દિવસે સંવત્સરીની ઉજવણી કરવામાં આવશે અને તપસ્વીઓના પારણાં કરવામાં આવશે.

# શહેરમાં ગાજયા મેહ વરસ્યા નહી

**રાત્રે વિજળીના ભારે કડાકા થયા પરંતુ વરસાદ વરસ્યો નહીં : દિવસે જોરદાર ઝાપટુ**

ગઈ કાલે ઉઘાડ નીકળ્યા બાદ રાત્રે ફરી પાછા આકાશમાં વાદળોનો જોરદાર ઘેરાવો થયો હતો. વિજળીના કડાકા અને વાદળોના ગડગડાટથી એવું લાગતુંહતુંકેહમણાંજ જોરદાર વરસાદ તુટી પડશે પરંતુ જરાય વરસાદ પડયો ન હતો. દિવસ દરમિયાન જોરદાર ઝાપટું પડયુંહતું. શ્રાવણ માસના છેલ્લા દિવસોમાં શ્રાવણના સરવરીયા ચાલુ રહ્યા છે. દિવસ દરમિયાન કયારેક કયારેક વરસાદી ઝાપટું વરસી જાય છે. રવિવારે મોડી રાત્રે શહેરમાં વિજળીના જોરદાર કડાકા થયા હતા. વાદળોના ગડગડાટના ભયાવહ અવાજથી વાતાવરણ ગાજી ઉઠયુંહતું. રાત્રેબફારો પણ ખુબ અનુભવાતો હતો. લાગતુંહતું કેજોરદાર વરસાદ તુટી પડશે. અડધા કલાક સુધી વિજળીના ભારે કડાકા થયા બાદ વાદળો વિખેરાઈ ગયા હતા અને શહેરમાં વરસાદ પડયો ન હતો.

**Gujarat State Petronet Limited**
Corporate Identity Number : L40200GJ1998SGC035188
Regd Office: GSPC Bhavan, Sector-11, Gandhinagar-382010. Tel.: +91-79-66701001
Fax: +91-79-23236477 Website: www.gspcgroup.com E-mail: investors.gspl@gspc.in

**NOTICE**

Pursuant to Regulation 47 (1) of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, Notice is hereby given that the Meeting of the Board of Directors of the Company will be held on Friday, the 9th September, 2016, inter-alia, to consider and take on record the Un-audited Financial Results of the Company for the quarter ended on 30th June, 2016.

The said intimation is also available on the Company's website viz. www.gspcgroup.com and may also be available on the website of Stock Exchanges at www.bseindia.com and at www.nseindia.com.

For Gujarat State Petronet Limited
sd/-
Company Secretary

Place: Gandhinagar
Date: 27th August, 2016

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર
પીલર, બેનર્સ...
મમી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

# જિલ્લાની ૨૨ ગ્રામ પંચાયતોના પંચાયત ઘર બાંધવા સૈદ્ધાંતિક મંજૂરી

**રૂ. ૩.૨૫ કરોડ જેટલો અંદાજિત ખર્ચ થવાની ધારણા : ટીંટોડા-ચિલોડા (ડભોડા) માટે વધુ વસ્તીને કારણે ૧૮ લાખ સહાય અપાશે**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લાની પંચાયત ઘર વિહોણી ગ્રામ પંચાયતોને પંચાયત ઘર બાંધવા માટેની મંજૂરી સાથે રૂ. ૩.૨૫ કરોડ જેટલી સહાય અનુદાન પેટે આપવાનો સૈદ્ધાંતિક નિર્ણય પણ રાજ્ય સરકારે કર્યો છે. મળતી વિગતો પ્રમાણે જિલ્લાની જે ૨૨ ગ્રામ પંચાયતો પંચાયત ઘર વિહોણી છે તેમાં ગાંધીનગરની ૭ કલોલની ૧૦ દહેગામ તાલુકાની પાંચ પંચાયતોનો સમાવેશ થાય છે.

પંચાયત વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે જે ગામોમાં ૫ હજાર કરતાં ઓછી વસ્તી છે તેમને પંચાયત ઘર બાંધવા માટે રૂ. ૧૪ લાખની સહાય અનુદાન પેટે આપવામાં આવશે. જ્યારે બે ગ્રામ પંચાયતો ટીંટોડા અને ચિલોડા(ડભોડા)ની વસ્તી સાત હજાર કરતાં પણ વધુ હોવાથી તેમને રૂ. ૧૮ લાખની સહાય આપવામાં આવશે.

આ સૂત્રોએ જણાવ્યું છે કે જે પંચાયતોના પંચાયત ઘર મંજૂર કરવામાં આવ્યા છે તેમાં ગાંધીનગરના ભોંયણરાઠોડ, પુન્દ્રાસણ, વજાપુર, પીંડારડા, ટીંટોડા, ચિલોડા(ડ), ગિયોડ કલોલ તાલુકાની ધેધુ, વાયણા, રાંચરડા, નાસ્મેદ, કાંઠા, ગણપતપુરા, ઉનાલી મુલસણ, પ્રતાપપુરા(પી), આમજા જ્યારે દહેગામ તાલુકાના ચિસકારી, કૃષ્ણનગર કોઠી, ખાડીયા (ખેડકુવા) સાંપા અને ખાખરા ગ્રામપંચાયતનો સમાવેશ થાય છે.

આ સૂત્રોના જણાવ્યાનુસાર સરકારે સૈદ્ધાંધિક નિર્ણય કરી લીધો છે. હવે નવા પંચાયત ઘર આધુનિક સગવડો સાથેના બનાવવાના હોવાથી તેમના નકશા-અંદાજો તૈયાર કરવામાં આવશે. આ પછી તેનું ટેન્ડરીંગ સહિતની કામગીરી હાથ પર લેવામાં આવશે. ડિસેમ્બર-૨૦૧૭ સુધીમાં આ પંચાયતોને પોતાનું પંચાયત ઘર ઉપલબ્ધ થાય તે રીતે આગળ વધવામાં આવશે.

# જિલ્લાના ૧૨ ગામોમાં સ્વચ્છતા મિશન કાર્યક્રમમાં ૭૨૦ વિદ્યાર્થીઓ શ્રમદાન કરશે

ગાંધીનગર, તા. ૨૮

સ્વચ્છતા મિશન અંતર્ગત ગ્રામ્ય વિસ્તારમાં શૌચાલય નિર્માણમાં શ્રમદાન તેમજ લોકજાગૃતિ અભિયાનમાં આજે ત્રણ એન્જીનીયરીંગ કોલેજના ૭૫૦ જેટલા વિદ્યાર્થીઓ ૧૨ ગામોમાં જશે.

ગાંધીનગર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા આ કોલેજોના વિદ્યાર્થીઓ માટે ગામોની પસંદગી કરી લેવામાં આવી છે. જેમાં ગાંધીનગર તાલુકાના ૪, માણસાના બે તથા કલોલ-દહેગામના ત્રણ-ત્રણ ગામનો સમાવેશ થાય છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી શ્રી દેવાંગ દેસાઈ, ગ્રામ વિકાસ એજન્સીના નિયામક સુશ્રી જયશ્રી દેવાંગને આ આખાય પ્રોજેક્ટને લઈ કોલેજના આચાર્યો સાથે બેઠક યોજી હતી અને તેમાં બધી જ કામગીરી સહિતની વિવિધ બાબતોની જાણકારી આપવામાં આવી હતી. આ વિદ્યાર્થીઓ આજે વહેલી સવારે જે તે ગામ ખાતે પહોંચી જશે અને તેમની કામગીરીનો આરંભ કરી દેશે.

જિલ્લા વિકાસ અધિકારી શ્રી દેવાંગ દેસાઈ અને નિયામક સુશ્રી જયશ્રીબેન દેવાંગને જણાવ્યું હતુ કે ગાંધીનગરની સે. ૨૮ની એન્જીનીયરીંગ કોલેજ ઉપરાંત સ્વામિ. એન્જી. કોલેજ ભાટ તેમજ ભોંયણ મોટીની એક એન્જી. કોલેજના વિદ્યાર્થીઓ આ પ્રોજેક્ટમાં જોડાવાના છે. જેઓ શ્રમદાનની સાથે સાથે સ્વચ્છતા એગેનું લોક જાગૃતિ અભિયાન પણ ગ્રામજનોને મળી ચલાવશે.

જે ગામોની પસંદગી કરવામાં આવી છે તેમાં ગાંધીનગર તાલુકાના શિહોલી મોટી, ડભોડા, ચેખલારાણી, વડોદરા, દહેગામના રખિયાલ, બહિયલ અને કડજોદરા, માણસાના મહુડી અને ખડાત તેમજ કલોલના સઈજ, સોજા અને આરસોડિયા ગામનો સમાવેશ થાય છે.

ગાંધીનગર જિલ્લામાં સ્વચ્છતા અભિયાનમાં પહેલીવાર એન્જીનીયરીંગ કોલેજના વિદ્યાર્થીઓ જોડાઈ રહ્યા હોવાથી આખા અભિયાનને નવો વેગ મળશે તેમ

● અનુસંધાન પાના - ૭ પર

# ગાંધીનગરમાં પ્રમુખસ્વામીને શ્રદ્ધાંજલિનો વિશેષ કાર્યક્રમ

**મહાત્મા મંદિરે તા. ૬ઠ્ઠી સપ્ટેમ્બરે યોજાનારા કાર્યક્રમમાં રાજ્યપાલ ઓ.પી. કોહલી, મુખ્યમંત્રી વિજય રૂપાણી, બીએપીએસના વડા મહંત સ્વામી સહિત અનેક રાજકીય હસ્તિઓ તથા સાધુ-સંતો ઉમટી પડશે**

ગાંધીનગર, તા. ૨૮

બોચાસણવાસી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા બીએપીએસના વડા પ્રમુખસ્વામીના બ્રહ્મલીન થવાથી સર્જાયેલ શોકની



લાગણી હજુ પણ યથાવત જોવા મળે છે. લાખ્ખો માનવીઓના હૃદયમાં આગવું સ્થાન પ્રાપ્ત કરનાર પ્રમુખસ્વામી મહારાજને શ્રદ્ધાંજલિ આપવા ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે તા. ૬ઠ્ઠી સપ્ટેમ્બરે વિશેષ કાર્યક્રમનું આયોજન થઈ રહ્યું છે. આ કાર્યક્રમમાં ગુજરાતના મહામહીમ રાજ્યપાલ ઓ.પી. કોહલી તથા રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી સહિત ટોચના મહાનુભાવો ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે પ્રમુખસ્વામીના અનુગામી બનેલા બીએપીએસના વડા મહંતસ્વામી પણ વિશેષ હાજરી આપશે.

આધારભૂત સુત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર શહેરની મોટાભાગની સામાજિક સંસ્થાઓ, તમામ શૈક્ષણિક સંસ્થાઓ તથા અગ્રણી સામાજિક સંગઠનો દ્વારા સંયુક્તપણે આયોજિત થઈ રહેલા આ વિશેષ

● અનુસંધાન પાના - ૭ પર

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

નવો પીકનીક પોઈન્ટ : ગાંધીનગરના પાદરે સાબરને કિનારે નવનિર્મિત સંત સરોવર છલકાતા શહેરીજનો મોટી સંખ્યામાં ઉમટે છે. સંત સરોવરમાં બારેમાસ પાણી જળવાય એવું આયોજન વિચારાઈ રહ્યું છે. શહેરીજનો માટે સારા સમાચાર છે.

# આજે શહેરના વધુ ત્રણ વોર્ડને મનપા ઓ.ડી.એફ. જાહેર કરશે

**સરિતાઉદ્યાનમાં લેન્ડ સ્કેપીંગ અને સિવીલ વર્ક અંગેની દરખાસ્ત પણ સ્થાયી સમિતિમાં રજુ કરાશે**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા હવે વોર્ડ નં. ૧, ૪ અને ૬ને ઓ.ડી.એફ. જાહેર કરવામાં આવશે. આજે મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની મળનારી બેઠકમાં આ અંગેની દરખાસ્ત કમિશનર દ્વારા રજુ કરવામાં આવી છે.

ગતિશીલ ગુજરાત અંતર્ગત ફાળવવામાં આવેલ લક્ષ્યાંકની સિદ્ધિ માટે આટલી ઉતાવળ કરવામાં આવી રહી છે. આજે મહિનામાં અગાઉ ત્રણ વોર્ડને ઓ.ડી.એફ. જાહેર કરવામાં આવ્યા હતા. હવે મહિનાના અંતિમ ચરણમાં વધુ ત્રણ વોર્ડને ઓ.ડી.એફ. જાહેર કરવામાં આવશે.

ગાંધીનગર મહાનગર-પાલિકામાં ૮ વોર્ડ છે અને તેમાંથી ૬ વોર્ડને ઓ.ડી.એફ. જાહેર કરવામાં આવશે. મળતી વિગતો મુજબ શૌચાલયની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે આજે સ્થાયી સમિતિની બેઠકમાં ૧૧ નંગ મોબાઈલ ટોઈલેટ ખરીદીની દરખાસ્ત પણ કમિશનરે મુકી છે. મોબાઈલ ટોઈલેટની સફાઈ નિયમિત નહિ થતી હોવાની ફરિયાદ તેમજ તેમાંથી લિકેજ થતુ હોવાની ફરિયાદ કદાચ તંત્ર સુધી નહિ પહોંચી હોય તેવી ફરિયાદ લોકજીભે સાંભળવા મળી રહી છે.

આજે મળનારી સ્થાયી સમિતિની બેઠકમાં મોબાઈલ ટોઈલેટની ખરીદી ઉપરાંત સરિતા ઉદ્યાન ખાતે લેન્ડ સ્કેપીંગ સહિતની વિવિધ કામગીરી જે સિવિલ વર્કને લઈ છે તે અંગે બહાર પાડવામાં આવેલ ટેન્ડરને બહાલી આપી વર્ક ઓર્ડર આપવા અંગેની દરખાસ્ત પણ છે.

આ બેઠકમાં મંજૂર થયેલ મહેકમ ઉપરાંત જે વધારાની જગ્યાઓ પર જે નિમણુંકો અપાવેલ છે તેને પણ બહાલી આપવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે જાહેરમાં શૌચક્રિયા કરનારાઓ સામે દંડનાત્મક કાર્યવાહી કરવા અને વહીવટીય ચાર્જની વસુલી અંગેની દરખાસ્ત પણ આજની બેઠકમાં બહાલ રાખવામાં આવશે.

આ ઉપરાંત નવા ટ્રેક્ટરોની ખરીદી અંગેની દરખાસ્ત પણ આજની સ્થાયી સમિતિની બેઠકમાં રજુ કરવામાં આવશે.

બપોરે ૩.૩૦ કલાકે મળનારી સ્થાયી સમિતિની બેઠકમાં ઓ.ડી.એફ. અંગેની ચર્ચા જ મહત્વની રહેશે કારણ કે આને લઈ ત્રણ જેટલી અલગ અલગ દરખાસ્તો આજની બેઠકમાં રજુ થઈ રહી છે. હવે પોર્ડ નં. ૨ અને ૫ ઓ.ડી.એફ. જાહેર કરવાના બાકી રહેશે. જે આગામી માસમાં કરી દેવાય તે રીતે કામગીરી કરવામાં આવનાર હોવાનું મનપાના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

# નદીમાં શુટીંગ વખતે જ પાણી આવતા આઠ વાહનો તણાઈ ગયા

**ગાંધીનગર જિલ્લાના માધવગઢ ગામ પાસેથી પસાર થતી સાબરમતી નદીમાં કોઈ ખાનગી કંપની દ્વારા એડનું શુટીંગ થતું હતું : નદીમાં પુર જોશમાં પાણી આવતું જોઈ કેમેરામેન સહિત કલાકારો દોડીને બહાર આવી જતા તમામના જીવ બચ્યા : છ જીપ, બે બાઈક અને કેમેરા ડુબ્યા**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લાના માધવગઢ ગામ પાસેથી પસાર થતી સાબરમતી નદીમાં છ જીપ અને બે બાઈકો મળીને દશેક યુવક યુવતીઓ ઉતર્યા હતા. એડવર્ટાઈઝના શુટીંગ માટે આ ટીમ ઉતરી હોવાનું મનાઈ રહ્યું છે. ધરોઈથી છોડવામાં આવેલું પાણી પુરજોશમાં માધવગઢ પાસે આવતું જોઈ નદીમાં આઠેય વાહનો અને કેમરા મુકી નાસભાગ મચી ગઈ હતી અને જીવ બચાવી તમામ નદીની બહાર નીકળી જતા મોટી જાનહાની ટળી હતી તો બીજી તરફ આઠેય વાહનો નદીની વચ્ચોવચ તણાઈ રહ્યા હતા અને ચારેય તરફ પાણી ફરી વળ્યું હતું. જયારે વાહનો મુકીને ટીમ આખી ફરાર થઈ ગઈ હતી અને વાહન જોવા પણ રોકાઈ ન હોવાથી અન્ય સવાલો પણ ઉભા થયા છે.

માધવગઢની સીમ અને માણસા તાલુકાના અમરાપુર ગામની સીમની વચ્ચેથી પસાર થતી સાબરમતી નદીમાં આજે સવારે આઠેક વાગ્યાના અરસામાં છ જીપ અને બે બાઈકો સાથે દશેક યુવક યુવતીઓનું ગ્રુપ ઉતર્યું હતું. દશેક વાગ્યાના અરસામાં ધરોઈથી છોડાયેલું પાણી માધવગઢ સુધી પહોંચી ગયું હતું. જોરશોરથી આવતા પાણીનો અવાજ સાંભળીને આ ગ્રુપ દંગ રહી ગયું હતું અને તમામ સામાન, કમેરા તથા છ જીપ સહિત આઠ વાહન નદી વચ્ચે જ પડતા મુકીને નદીમાંથી બહાર નીકળવા દોટ મુકી હતી. તમામ જીવ બચાવીને બહાર નીકળી ગયા હોવાનું જાણવા મળ્યું છે. પરંતુ આ ગ્રુપ બહાર નીકળ્યું પછી

ક્યાં જતું રહ્યું તેની કોઈને ખબર નથી. આ ગ્રુપ એડનું શુટીંગ કરવા નદીમાં ઉતર્યું હોવાનું કહેવું છે પરંતુ ગ્રામજનો તે બાબત પર શંકા ઉપજાવી રહ્યું છે. આ ગ્રુપ નદીમાં કેમ પહોંચ્યું હતું તેની ખાતરી પાણી ઉતર્યા બાદ વાહન અને અન્ય સરસામાન મળ્યા બાદ થશે જો કે સદભાગ્યે આ ઘટનામાં ગ્રુપ દ્વારા સમય સુચકતા દાખવવામાં આવતા મોટી જાનહાની ટળી છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. **ફોન** : ૨૩૨૨૫૭૧, **ફેક્સ** : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com